**ક્રિમીનલ અપીલ નંબરઃ– ૧૮૫/૨૦૨૫.**

## // આંક – ૧ નીચે હુકમ //

(૦૧) હાલની અપીલ અરજદાર/મુળ આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૪૧૫ મુજબ સિદ્ધપુર કોર્ટના ફોજદારી કેસ નં. ૨૨૨૦/૨૦૨૨ ના કામે થયેલ આદેશથી નારાજ થઈ દાખલ કરેલ છે. હાલની અપીલ દાખલ થતા બંને પક્ષકારોને નોટીસ કરવામાં આવેલ છે.

(૦૨) આ કામે પક્ષકારો વચ્ચે અપીલના ચાલુ કામે સમાધાન થયેલ છે. આ કામે પક્ષકારોએ તેઓ વચ્ચે થયેલ સમાધાન અંગેની આંક – ૧૦ થી સમાધાન પુરસીસ રજુ કરેલ છે અને તેમાં જણાવ્યા મુજબ પક્ષકારો વચ્ચે સમાજના સારા માણસોએ સમાધાન કરાવેલ છે. સામાવાળાને અરજદારે ચેકની રકમ પુરેપુરી ચુકવી આપેલ છે. સામાવાળા અને અરજદાર વચ્ચે કોઈ તકરાર રહેલ નથી. જેથી અરજદારને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે તો સામાવાળાને વાંધો કે તકરાર નથી. સદર કામે ઉપરોક્ત હકીકત તથા સંજોગો નજર સમક્ષ રાખતા તથા પક્ષકારો વચ્ચે સમાધાન થયાની હકીકત નજર સમક્ષ રાખતા, જ્યારે આ કામના પક્ષકારોએ સમાધાન કરેલ છે અને સમાધાન પેટેની રકમ અરજદાર/આરોપીએ સામાવાળા/ફરીયાદીને ચુકવી આપેલ છે, તેવા સંજોગોમાં હાલની અપીલ આગળ ચલાવવા પાત્ર ન હોઈ, આ કામે હાલની અપીલ મંજુર કરી, નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

(૧) અરજદાર/આરોપીની હાલની ક્રિમીનલ અપીલ મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સિદ્ધપુરના વિ. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટશ્રીએ તા.૨૪/૧૧/૨૦૨૫ ના રોજ ફોજદારી કેસ નં. ૨૨૨૦/૨૦૨૨ ના કામે કરેલ સજાનો આદેશ આથી રદ કરવા હુકમ કરવામાં આવે છે.

..૨.....

(૩) અરજદાર/આરોપીને ક્રિમીનલ કેસ નં. ૨૨૨૦/૨૦૨૨ ના કામે નિર્દોષ ઠેરવી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

(૪) સદર અપીલના કામે વચગાળાનો જો કોઈ હુકમ કરેલ હોય તો તે રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) સદર હુકમ લોક અદાલતમાં થયેલ હોઈ દંડ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૬) અરજદાર/આરોપીના જામીનખત ડીસ્ચાર્જ કરવામાં આવે છે.

(૭) પક્ષકારોએ પોત પોતાનો ખર્ચ ભોગવવો.

(૮) નીચેની કોર્ટના ક્રિમીનલ કેસનું અસલ રેકર્ડ આવેલ હોય તો સદર હુકમની નકલ સાથે વિ. ટ્રાયલ કોર્ટને મોકલી આપવું.

હુકમ આજરોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૦૩/૨૦૨૬.

પાટણ.

**( પ્રશાંતકુમાર એચ. શેઠ )**
સેશન્શ જજ,
**પાટણ.**
**( Judge U.I.Code No. GJ** 00524 )

( **BKP** )